**GJBK120000912021**

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ તા.:- | ૨૦/૦૧/૨૦૨૧ | | |
| દાખલ તા.:- | ૨૦/૦૧/૨૦૨૧ | | |
| નિકાલ તા:- | ૧૬/૦૪/૨૦૨૬ | | |
| અવધિ:- | વ | મા | દિ |
| | ૦૫ | ૦૨ | ૨૭ |

**મુખ્ય સિવિલ ન્યાયાધીશ અને ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ કોર્ટ, તાલુકા અમીરગઢ, જિલ્લો બનાસકાંઠા.**

**ક્રિમિનલ કેસ નંબર – ૮૭/૨૦૨૧**

**આંક :-૩૪**

**ફરિયાદીઃ-** શ્રી સરકાર

**વિરુદ્ધ**

**આરોપીઃ-** (૧) સુરેશભાઈ મુગળાભાઈ ભગોરા

(૨) સાયબાભાઈ હીરાભાઈ ડુગાઈચા

(૩) લાલાભાઈ જલાભાઈ ભગોરા

તમામ રહે. ઉપલબંધ, તા. અમીરગઢ, જી. બનાસકાંઠા.

ગુન્હોઃ- **ઈ. પી. કો. કલમ-૩૭૯, ૧૧૪ મુજબ.**

**ફરિયાદી તરફેઃ-** વિદ્વાન વકીલ શ્રી એમ. સી. માહેશ્વરી.

**આરોપી તરફેઃ-** વિદ્વાન વકીલ શ્રી આર. પી. ડાભી.

**-:: જજમેંટ ::-**

**૧.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોદારોનાઓએ આવલ ગામેથી તા. ૨૫, ૨૬/૧૦/૨૦૨૦ ના રાત્રીના કોઇપણ સમયે ફરીયાદી તથા સાહેદોના ઘર આગળ ખુલ્લા આંગણામાં મુકેલ (૦૧) હીરો ગ્લેમર મોટર સાયકલ નં. GJ 08 BK 2192 કિ. રૂ. ૩૫,૦૦૦/-, (૨) હીરો HF ડિલક્ષ

મોટર સાયકલ નં. GJ 08 AF 3557 કિ. રૂ. ૨૫,૦૦૦/-, (૩) હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ નં. GJ 08 AS 9444 કિ. રૂ. ૨૫,૦૦૦/-, (૪) બજાજ ડીસ્કવર મોટર સાયકલ નં. GJ 02 BG 0152 કિ. રૂ. ૧૦,૦૦૦/-, (૫) બજાજ પ્લેટીના મોટર સાયકલ નં. GJ 08 BQ 5444 કિ. રૂ. ૨૫,૦૦૦/- ના મળી કુલ મોટર સાયકલ નંગ-૫ કુલ કિ. રૂ. ૧,૨૦,૦૦૦/-ની કરી ચોરી કરી લઇ જઇ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ઈ. પી. કો. કલમ-૩૭૯, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલાની ફરીયાદીએ અમીરગઢ પો. સ્ટે. માં ફરીયાદ દાખલ કરતા તપાસનીશ દ્વારા તપાસને અંતે આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

**૨.** આરોપી સમન્સના આધારે હાજર થતાં સૌપ્રથમ ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ ૨૦૭ મુજબ આરોપીને તપાસના તમામ પેપર્સ મળી ગયા ની ખાત્રી કરી આરોપી સામેના ગુનાનું તહોમતનામુ ફરમાવી, આરોપીની પ્લી નોંધવામાં આવેલી, જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઇન્કાર કરતાં ફરીયાદપક્ષ તરફે કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૩.** કામે ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

<u>ફરીયાદપક્ષે રજુ મૌખિક પુરાવો</u> :-

| **ક્રમ.** | **સાહેદની વિગત.** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી, નિર્વાણસિંહ ઠાકરસિંહ ડાભીની જુબાની | **૨૫** |
| ૨ | સાહેદ, મેરૂસીંહ ગણપતસીંહ ડાભીની જુબાની | **૨૭** |
| ૩. | સાહેદ, લીલવરસીંહ ધુંખસીંહ ડાભીની જુબાની | **૨૮** |
| ૪. | સાહેદ, રાજેન્દ્રસીંહ ખેમસીંહ ડાભીની જુબાની | **૨૯** |

<u>ફરીયાદપક્ષે રજુ દસ્તાવેજી પુરાવો</u> :-

| **ક્રમ.** | **દસ્તાવેજની વિગત.** | **આંક.** |
|---|---|---|
| ૧. | ફરિયાદ | **૨૬** |
| ૨. | પંચનામુ | **૩૦, ૩૧, ૩૨** |

૪. આ કામે ફરીયાદપક્ષે આંક-૩૩ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરતાં રજુ થયેલ ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં આરોપીનો ક્રિ. પ્રો. કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ જવાબ નોંધવાપાત્ર પુરાવો રજુ થયેલ ના હોવાથી વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૫. આ કામે હાલના કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોદારોનાઓએ આવલ ગામેથી તા. ૨૫, ૨૬/૧૦/૨૦૨૦ ના રાત્રીના કોઇપણ સમયે ફરીયાદી તથા સાહેદોના ઘર આગળ ખુલ્લા આંગણામાં મુકેલ (૦૧) હીરો ગ્લેમર મોટર સાયકલ નં. GJ 08 BK 2192 કિ. રૂ. ૩૫,૦૦૦/-, (૨) હીરો HF ડિલક્ષ મોટર સાયકલ નં. GJ 08 AF 3557 કિ. રૂ. ૨૫,૦૦૦/-, (૩) હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ નં. GJ 08 AS 9444 કિ. રૂ. ૨૫,૦૦૦/-, (૪) બજાજ ડીસ્કવર મોટર સાયકલ નં. GJ 02 BG 0152 કિ. રૂ. ૧૦,૦૦૦/-, (૫) બજાજ પ્લેટીના મોટર સાયકલ નં. GJ 08 BQ 5444 કિ. રૂ. ૨૫,૦૦૦/- ના મળી કુલ મોટર સાયકલ નંગ-૫ કુલ કિ. રૂ. ૧,૨૦,૦૦૦/-ની કરી ચોરી કરી લઇ જઇ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ઈ. પી. કો. કલમ-૩૭૯, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

૬. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

૭. આ કામે ઉપરોકત મુદાઓ અંગેના નિર્ણયો અંગે ના મારા ન્યાયિક કારણો નીચે મુજબ છે.

**-:: કારણો ::-**

૮. ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૨૫ થી ફરિયાદીને તથા આંક-૨૭, ૨૮ અને ૨૯ થી સાહેદને તપાસવામાં આવેલા છે. ફરિયાદી આંક-૨૬ ની ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓએ કરેલ તપાસને અનુરૂપ પુરાવો આપેલ છે. સદર ફરીયાદી તથા સાહેદ તેમની જુબાનીમાં રજૂ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ના હોઇ તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે તથા ઉલટતપાસ લેવામાં આવેલ નથી.

૯. ઉપરોકત ફરિયાદપક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાનું વિશ્લેષણ કરી મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદી તેજ મુખ્ય અને ચાવીરૂપ તેમજ હીત ધરાવતા મહત્વના સાહેદ છે. ફરીયાદી આ કામે હોસ્ટાઈલ જાહેર થયેલા છે. ખુદ ફરીયાદીએ જ તેમની ફરીયાદ હકીકતને સમર્થન કરતો લેશમાત્ર પુરાવો આપેલ નથી. જેથી આંક-૨૬ ની ફરીયાદ અંગે શંકા ઉત્પન્ન થાય છે. આ ફરીયાદીનો પુરાવો જોતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી અને એ સ્વાભાવીક છે કે, જયારે ખુદ ફરીયાદી પોતે જ તેમની ફરીયાદ હકીકતને સમર્થન કરતો પુરાવો આપતા ન હોય ત્યારે અન્ય સાહેદો પણ ફરીયાદપક્ષના કેસની હકીકતો ને સમર્થન ન આપે. જો કે આ કામે ફરીયાદપક્ષે કલોઝીંગ પુરસીસ રજુ કરતાં ફરીયાદપક્ષનો પુરાવો પુરો ગણવામાં આવેલ છે. આમ ફરીયાદીના પુરાવાથી ફરીયાદની હકીકતો પુરવાર થયેલ નથી તેમ આ અદાલતનું નમ્રપણે માનવું છે. આમ, ફરીયાદ આપનાર ફરીયાદી પોતે જ બનેલ બનાવ વિશે કોઈ સ્પષ્ટ માહીતી રેકર્ડ ઉપર લાવી શકેલા ન હોવાથી આંક-૨૬ વાળી ફરીયાદ હકીકતને કોઈ પણ રીતે સમર્થન મળતુ નથી તેવું આ કોર્ટ માને છે. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સોગંદ પરના

પુરાવાથી આરોપીઓને ગુનામાં સાંકળી શકાય તેવો કોઇ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

**૧૦.** આમ, ઉપરોકત હકીકતે સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે તેઓની બાઈક હાજર હતી તે ઓળખી બતાવેલ પરંતુ બાઇક ચોરી કોણે કરેલ તેની તેઓને આજદીન સુધી ખબર પડેલ નથી. જેથી, ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો લેશમાત્ર પુરાવો પણ આપેલ નથી. તેનાથી વિશેષ આરોપીઓ વિરૂધ્ધ ગુનાની કોઇ હકીકત ફલીત થતી નથી. તેમજ હાલના કામે અન્ય કોઇ સાહેદ કે સબળ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી, કોઇ દસ્તાવેજી પુરાવો પણ રજુ થયેલ નથી. વધુમાં, આ કામે સ્વતંત્ર તટસ્થ સાહેદી પુરાવાનો અભાવ છે. આમ, સદર સાહેદની જુબાની દ્વારા આરોપીને આક્ષેપિત ગુના સાથે સાંકળી શકાય તેમ ના હોય, તેઓની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ જણાઇ આવતી નથી. આમ, પુરાવાના અભાવે ફરીયાદપક્ષ આ કામના આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનો નિશંકપણે સાબિત કરેલ નથી. આમ, આ કામના મુખ્ય ફરીયાદી તથા સાહેદનાએ પોતે જ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો પુરાવો રજુ કરેલ ન હોય તે સંજોગોમાં આ ડોકયુમેન્ટરી એવીડન્સ ઉપર આધાર રાખી આરોપીઓને સજા કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાતુ નથી. આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવાથી ફરીયાદમાં જણાવેલ હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરી શકેલ નથી.

**૧૧.** આમ, ઉપરોકત રજુ થયેલ સમગ્ર પુરાવાના મુલ્યાકનના અંતે જોતાં, આ કામના આરોપીને તેઓની સામેના ગુનામાં સાંકળી તકસીરવાન ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોય તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા ન્યાયોચિત જણાતું હોય અને ફરિયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે, જેનો લાભ આરોપીને મળવાપાત્ર છે જેથી

ઉપરોક્ત ચર્ચાની અંતે મુદ્દા નં. ૦૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૦૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-::હુકમ::-**

**(૧)** આ કામે આરોપીઓને ધી ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૮૭૩ ની કલમ - ૨૪૮(૧) અન્વયે ઈ. પી. કો. કલમ-૩૭૯, ૧૧૪ મુજબના ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે, અન્યથા માલીકીપણાની ખાત્રી કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપીઓએ કરી આપેલ જાત મુચરકા અને જામીનદારોએ કરી આપેલ જામીનખત રદ્દ કરવામા આવતા નથી, પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે તે રીતનાં છ માસ માટે ધી ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૮૭૩ની કલમ-૪૩૭(એ) અન્વયે જાત-મુચરકા અને જામીનખત ચાલુ રાખવામા આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(ભૂપેન્દ્ર સિંહ ગહલોત)**
મુખ્ય સિવિલ ન્યાયાધીશ અને
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ - અમીરગઢ
(GJ01604)

તા. ૧૬/૦૪/૨૦૨૬
સ્થળ:-અમીરગઢ

સ્ટેનોગ્રાફરઃ - ડી. કે. ચાવડા